Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: <u>નોટિસ</u> :–

એકેડેમિક કાઉન્સિલની સભા **<u>મંગળવાર, તા.૦૯/૦૩/૨૦૨૧</u>** નાં **<u>રોજ સવારે ૧૧:૩૦ કલાકે</u>** **Social Distancing નું** પાલન થાય તે રીતે યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી મકાનના રૂમ નં. ૨૦૫માં મળશે, જેમાં હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

# –: <u>કાર્યસૂચિ</u> :–

**(૧)** એકેડેમિક કાઉન્સિલની **તા.૧૮/૧૨/૨૦૨૦** ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.
(નોંધ : પ્રસ્તુત એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યવાહી એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓને તા. ૨૨/૧૨/૨૦૨૦ ના પત્રક્રમાંક : એ/એ.કા./કા.વા./૧૨૯૭૧/૨૦૨૦ થી મોકલી આપવામાં આવી છે.)

(૨) સિન્ડિકેટ સભ્યશ્રીઓ શ્રી સંજયભાઈ દેસાઈ અને ડો. કશ્યપભાઈ ખરચીયાનો તા. ૨૯–૧૨–૨૦૨૦ ના પત્રમાં જણાવ્યાનુસાર, યુનિવર્સિટીએ રેગ્યુલર મોડમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને વધારાની એક ટ્રાયલ આપવાનો નિર્ણય કર્યો છે ત્યારે એક્ષટર્નલ મોડમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને તથા અન્ય જે જે કોર્ષના વિદ્યાર્થીઓને આ વ્યવસ્થાનો લાભ આપી સૌને માટે સમાન નિર્ણય લેવા આગ્રહભરી વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

***<u>નોંધ</u> :***

(૧) સિન્ડિકેટ તા.૮–૧૨–૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : ૫૬ થી "તમામ વિદ્યાશાખાઓના તમામ અભ્યાસક્રમોમાં (એક્ષટર્નલ સિવાય) જયાં જયાં જે તે સેમેસ્ટર પૂર્ણ કરવાની મહત્તમ સમયમર્યાદા નકકી કરવામાં આવી છે તથા જે વિદ્યાર્થીઓની જે તે સેમેસ્ટર આ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની મહત્તમ મર્યાદા પૂર્ણ થઈ ચૂકી છે તેવા તમામ અભ્યાસક્રમોના તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ ના પ્રથમ સત્રને અંતે લેવાનાર પરીક્ષા દરમિયાન ખાસ કેસ તરીકે એક વધારાની અને અંતિમ એક તક આપવા આવે છે. (આખેઆખો કોર્ષ પ્રોગ્રામ પૂર્ણ કરવા માટે યુ.જી.સી. તથા યુનિવર્સિટીના નિયમાનુસાર નિર્ધારિત કરેલ સમયમર્યાદામાં કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહી.)

(૨) એકેડેમિક કાઉન્સિલ તા.૧૧–૩–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ૧૮ અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.
" માત્ર એક્ષટર્નલ અભ્યાસક્રમમાં ચાલુ વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ રદ થયા છે તેમને વિશેષ તક આપી મંજૂરી આપવામાં આવે છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ તકને અંતિમ તક ગણવી. ભવિષ્યમાં આ કિસ્સાને ઉદાહરણ રૂપે ગણી શકાશે નહીં અને સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે." (સિન્ડિકેટ તા.૧૯–૬–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ૮૭ થી મા.કુલપતિશ્રીના પગાલાની નોંધ લીધેલ છે)

(૩) યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ નીચે મુજબ છે.
**<u>(Academic Council Dated 13/2/2015 Resolution No.28)</u>**
**<u>10. Maximum Duration to complete the program :</u>**
**10.1.** A candidate shall have to complete/pass all the courses/papers of a **<u>particular year</u>** with maximum **<u>3 attempts (1 + 2)</u>** as well as within 3 academic years, otherwise he/she shall

have to take admission in that year again, and shall have to appear in the examination of all the courses/papers of that particular year and the subsequent year or years after surrendering the mark sheets of all such years.

**10.2.** The whole program of **B.A./B.Com** shall have to be completed within **5** academic years including the academic year of admission. The whole program of **M.A/M.Com** shall have to be completed within **4** academic years including the academic year of admission. **(Academic Council dt.19/4/2016 Resolution No.31, Syndicate dt.7-2-2017 Resolution No.12 & Syndicate dt.2-6-2017 Resolution No.3)**

(પરીક્ષા વિભાગ/ એક્ષટર્નલ યુનિટ)

**(૩)** **ઓર્ડિનન્સ ૪૧(૫) માં એનરોલમેન્ટની એપ્લિકેશન સાથે** Original Passing Certificate **જમા કરાવવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.**

**પ્રવર્તમાન પ્રથા અનુસાર પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી કોલેજો ધોરણ–૧૨ ની અસલ માર્કશીટ જમા લે છે અને એનરોલમેન્ટ ફોર્મ સાથે ધોરણ–૧૨ ની અસલ માર્કશીટ યુનિવર્સિટી ખાતે જમા કરાવે છે. તથા વિદ્યાર્થીઓનુ એનરોલમેન્ટ થયેથી માર્કશીટ પાછળ સિકકો લગાવી માર્કશીટો જે તે કોલેજને પરત કરવામાં આવે છે. તથા કોલેજો સિકકો લાગેલી ધોરણ –૧૨ ની માર્કશીટો વિદ્યાર્થીઓને પરત કરે છે.**

**ઉપરોકત જોગવાઈ તથા પ્રથા અન્વયે નીચેની વિગતો અવલોકને લેવા વિનંતી છે.**

**૧.** **યુ.જી.સી. ધ્વારા જાહેર કરવામાં આવેલ સ્ટુડન્ટ એનટાઈટલમેન્ટસમાં એમ દર્શાવેલ છે કે** " the institution can ask the students to produce the original documents (such as School Leaving Certificate, Mark Sheet, Caste certificate) for verification, they cannot retain any original documents of any students."

**૨.** **યુ.જી.સી. ધ્વારા નોટીફાય કરવામાં આવેલ** 23rd April 2007, F.No.1-3/2007 (CPP II) **અનુસાર** " it would not be permissible for institutions and Universities to retain the School/Institution Leaving Certificate, mark sheet, cast certificate and other documents in original."

**3.** **યુ.જી.સી. ધ્વારા નોટીફાય કરવામાં આવેલ ઓકટોબર ૨૦૧૮,** notification on refund of fees and Non-Retention of original documents**અનુસાર પણ અસલ દસ્તાવેજો લેવાના થતા નથી.**

**યુ.જી.સી.ના ઉપરોકત દસ્તાવેજો અવલોકને લઈ આપણી યુનિવર્સિટીના ઓર્ડિનન્સની જોગવાઈ તથા ધોરણ–૧૨ ની અસલ માર્કશીટ જમા લેવાની પધ્ધતિ અંગે વિચારણા કરવા બાબત.**

**(બિડાણ : ૧)**

**(એકેડેમિક વિભાગ)**

**(૪)** વિવિધ પરીક્ષાઓમાં વિધાર્થીઓના સેમેસ્ટર – ૧ અને ૩ ના પરીણામમાં નાપાસ થવાને કારણે વિધાર્થી પાછળ થી પરીક્ષા પાસ કરે છે. જેના કારણે વિદ્યાર્થીઓની બીજા તેમજ ચોથા સેમેસ્ટરમાં અગાઉના સેમેસ્ટરની રીમાર્કસ ન આવવાને કારણે પરીણામ એ.ટી.કે.ટી. અથવા નાપાસમાં જાહેર કરવામાં આવે છે. તેમજ વિદ્યાર્થીઓની માર્કશીટમાં અગાઉના સેમેસ્ટરની રીમાર્કસ ન આવવાને કારણે શીષ્યવૃતિના આવેદનપત્ર ભરી શકાતા નથી જેને કારણે વિદ્યાર્થીઓ માર્કસીટમાં અગાઉના સેમેસ્ટરની રીમાર્કસ લઈ પરીણામમાં સુધારો કરવાનુ જણાવે છે. (અરજીઓ સામેલ છે.) યુનિવસિર્ટી તરફથી કોલેજોને જાણ કરવામાં આવેલ હતી કે પરીપત્ર ક્રમાંક Exam/A/7917/2014 Date: 4/8/2014 મુજબ પરીણામમાં કોઈ ભુલ નથી. છતા પણ કોલેજ તેમજ વિદ્યાર્થીઓ તરફથી અરજી મળે છે. આ બાબત અંગે નીચે મુજબના મુદ્દા વિચારણા કરવાના થાય છે.

- હાલ સેકન્ડ તથા ફોર્થ સેમેસ્ટરની માર્કશીટમાં Pass/Fail/First/First Dist./Second class YGPA અનુસાર આપવામાં આવે છે તથા અગાઉના સેમેસ્ટર અનુસાર ATKT આપવામાં આવે છે.
- એકેડમીકવિભાગના ઠરાવ મુજબ CGPA ની ગણતરી બધા સેમેસ્ટર પર કરવાની હોય પ્રથમ તથા દ્વિતિય વર્ષમાં YGPA/CLASS ની જગ્યાએ જો સેકન્ડ તથા ફોર્થ સેમેસ્ટરમાં ફકત Pass/Fail રીઝલ્ટ આપવામાં આવે તો ઉપરની સમસ્યાનો ઉકેલ આવી શકે તથા ફોર્મવીર્ડો સિવાયના વિદ્યાર્થીને અગાઉના સેમેસ્ટરમાં પ્રવેશ મળી શકે.
- હાલની જેમ પાંચમા સેમેસ્ટરના પ્રવેશ માટે પ્રથમ વર્ષ પાસ ન હોય તો સેમેસ્ટર – ૪ માં W.0.165 માં રીઝલ્ટ રોકી શકાય. તથા છઠા સેમેસ્ટરમાં વિધાર્થીને CGPA/CLASS આપવાનો થાય છે.
- સ્નાતક ની જેમ અનુસ્નાતક કક્ષાએ પણ ઉપર મુજબ કરવાનું થાય.

ઉપરોકત બાબત પર વિચારણા કરવા બાબત…

**(પરીક્ષા /સાયન્સ)**

**(૫)** **યુનિવર્સિટીના બેચલર ઓફ ફાઈન આટર્સ સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામને વિભાગનો દરજજો આપવા અંગેના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. કિરણ પંડયાના તા.૧૭/૦૧/૨૦૨૧ ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

**(બિડાણ : ૨ )**
**(વહીવટી વિભાગ)**

**(૬)** **તા. ૦૩–૧૧–૨૦૨૦ કાર્યાલય નોંધના આદેશા મુજબ તા.૨૨–૦૧–૨૦૨૦(કોન્વોકેશન બ્રાન્ચ) ની કાર્યાલય નોંધના સંદર્ભે એમ. આર્કિટેકચરનીમાર્કશીટ અને ડીગ્રીમાં (City Design) ન લખાયેલ બાબત અવલોકન અર્થે.**

**એમ. આર્કિટેકચરનીમાર્કશીટ અને ડીગ્રીમાં (City Design) ન લખાયેલ હોવાથી આવક નં. ૯૫૩૨, તા. ૧૭/૦૫/૨૦૧૯ ની અરજી સંદર્ભિત સદર વિધાર્થીનીની જે હાલમાં નામદાર વડી અદાલતમાં સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૧૭૯૩૯/૨૦૧૯, તા.૧૧/૧૦/૨૦૧૯ વિચારાધિન છે.**

**ઉપરોકત સદર બાબત સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી , આવક નં.૧૪૬૪૩, તા. ૨૧–૧૨–૨૦૨૦, કોલેજના પત્રમાં જુલી રાકેશ વૈધની માર્કશીટમાં અને ડિગ્રીમાં adding specialization (City Design) નાં ઉલ્લેખ માટે યુનિવર્સિટી કક્ષાએ જરૂરી વિચારણા કરવા બાબત…**

**(પરીક્ષા /એમ.આર્કિટેકચર)**

**(૭)** **સ્મીમેર મેડીકલ કોલેજના રેડીયોલોજી વિભાગ ખાતે ફેલોશીપ તેમજ રેડીયો ઈમેજીંગ ટેકનીશીયનો સર્ટીફીકેટ કોર્ષ ચાલુ કરવાની સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હોઈ ફેલોશીપ તેમજ રેડીયો ઈમેજીંગ ટેકનીશીયનનો સર્ટીફીકેટ કોર્ષના નીચે મુજબનાં અભ્યાસક્રમ જનરલ મેડીસીન વિષયની અભ્યાસસમિતિની તા.૧૦/૧૨/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ થી મંજુર કરી તબીબી વિદ્યાશાખાને ભલામણ કરેલ જે તબીબી વિદ્યાશાખાનાં કાર્યકારી અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.**

| Sr. no | Name of the Fellowship | Duration | Course fee | Stipend | Eligibility |
|---|---|---|---|---|---|
| 1 | Fellowship in Women's Imaging | 1 years | 1.5 lacs per annum | 40000p.m | M.D/DNB/DMRD |
| 2 | Fellowship in pediatric | 1 years | 1.5 lacs per annum | 40000p.m | M.D/DNB/DMRD |
| 3 | Fellowship in intervention Radiology | 1 years | 1.5 lacs per annum | 40000p.m | M.D/DNB/DMRD |
| 4 | X-RAY,USG, CT-Scan,MRI Techanician (Radio Imaging Technician ) | 2 year | 1.3 lacs per 2 years | No. | B.sc physics / chemistry/ Biology/ Bio Technology |

(બિડાણ : ૩)
(એકેડેમિક વિભાગ)

**(૮)** MSW (સ્વનિર્ભર) અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તરો લખવા તેમજ ફિલ્ડવર્ક ડેઝરટેશન વગેરેની કામગીરીમાંઅંગ્રેજી ઉપરાંત ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવા બાબતે વિચારણા કરતા MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬–૦૭–૨૦૧૯ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ પર વિચારણા કરતા વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૯ અન્વયે એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬–૦૭–૨૦૧૯ ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અભ્યાસસમિતિ પુખ્ત વિચારણાને અંતે મુખ્ય મુદ્દોએ તારવવામાં આવેલ છે કે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન એમ.એસ.ડબલ્યુ. અભ્યાસક્રમમાં નિયત ઈન્ટેક કરતાં નિરંતર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળેલ છે જે અંગે વિભાગના વડા ધ્વારા પ્રાથમિક અવલોકન આધારે જણાવેલ છે કે આ અભ્યાસક્રમની પરીક્ષા તથા ડેઝરટેશન ફકત અંગ્રેજી ભાષામાં આપવામાં આવતા હોવાથી આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓની સંખ્યામાં ક્રમશઃ ઘટાડો જોવા મળેલ છે અગર યુનિવર્સિટી ધ્વારા વિદ્યાર્થીઓને આ અભ્યાસક્રમની પરીક્ષા તથા ડેઝરટેશન અંગ્રેજી ઉપરાંત ગુજરાતી ભાષામાં પણ વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમની પરીક્ષા તથા ડેઝરટેશન આપવાની છૂટ આપવામાં આવે તો ક્રમશઃ વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાને પણ ભરપાઈ કરી શકાય એમ છે જેથી આ સમિતિ પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાની સાથે ગુજરાતી ભાષામાં પરીક્ષા તથા ડેઝરટેશન લખવાની છૂટ આપવામાં આવે એવી વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે,MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬–૦૭–૨૦૧૯ ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ અંગે પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાની સાથે ગુજરાતી ભાષામાં પરીક્ષા તથા ડેઝરટેશન લખવાની છૂટ આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક વિભાગ)

**(૯)** એફ.વાય.બી.એ. હોમસાયન્સમાં ક્રેડીટ અને મૂલ્યાંકન અંગે ચર્ચા કરતા હોમ સાયન્સ વિષયની અભ્યાસસમિતિની તા.૦૫/૦૧/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૫ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાની તા.૮/૦૨/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૬ અન્વયે સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ જે અંગે વિચારણા કરવા બાબત.

**<u>હોમ સાયન્સ વિષયની અભ્યાસસમિતિની તા.૦૫/૦૧/૨૦૨૧ની સભાનાં ભલામણ ક્રમાંકઃ૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એફ.વાય.બી.એ. હોમસાયન્સમાં ક્રેડીટ અને મૂલ્યાંકનમાં રહેલી વિસંગતતા દુર કરવા સર્વાનુમતે મંજૂર કરી વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૦૨/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે,હોમ સાયન્સ વિષયની અભ્યાસસમિતિનીતા.૦૫/૦૧/૨૦૨૧ની સભાનાં ભલામણ ક્રમાંકઃ૫ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી તે મંજૂર કરવા ભલામણ એકેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૪)
(એકેડેમિક વિભાગ)

**(૧૦)** એફ.વાય.બી.એ. સેમ–૧ અને ૨ ના પેપર નં. ૧ અને ૨ તથા ૩ અને ૪ ના અભ્યાસક્રમમાં પુનઃ વિચારણા કરતા ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ની સભાનાં ઠરાવ કમાંકઃ૪ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૩ અન્વયે સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ની સભાનાં ભલામણ કમાંકઃ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એફ.વાય.બી.એ. સેમ–૧, ૨, ૩ અને ૪ માં આંશિક સુધારા અને પેપરનું નામ સુધાર્યુ છે, જે પણ જુન–૨૦૨૧ થી અમલમાં આવે તેમ નકકી કર્યુ છે.

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦ની સભાનાં ભલામણ કમાંકઃ૪ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૫)
(એકેડેમિક વિભાગ)

**(૧૧)** એસ.વાય.બી.એ. સેમ–૩ અને ૪ ના પેપર નં. ૭ અને ૧૦ ના ઈતિહાસ વિષયના નવા અભ્યાસક્રમ અંગે ચર્ચા કરતા ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ની સભાનાં ઠરાવ કમાંકઃ૩ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૫ અન્વયે સ્વીકારી એકેડેમિક કાઉન્સિ લને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ની સભાનાં ભલામણ કમાંકઃ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એસ.વાય.બી.એ. સેમ–૩ અને ૪ માં પેપર નં. ૭ અને પેપર નં. ૧૦ નો અભ્યાસક્રમ સર્વાનુમતે યથાવત રાખવામાં આવ્યો છે.

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ની સભાનાં ભલામણ કમાંકઃ૩ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૬)
(એકેડેમિક વિભાગ)

**(૧૨) એસ.વાય.બી.એ. સેમ–૩ અને ૪ ના પેપર નં. ૫ અને ૮ ના ઈતિહાસ વિષયના નવા અભ્યાસક્રમ બનાવવા બાબતે ચર્ચા કરતા ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્માંકઃ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૪ અન્વયે સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**<u>ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ની સભાનાં ભલામણ ક્માંકઃ ૨</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એસ.વાય.બી.એ. સેમ–૩ અને ૪ ના પેપર નં. ૫ માં કોઈ ફેરફાર નહિ પરંતુ પેપર નં. ૮ માં નવો અભ્યાસક્રમ જુન–૨૦૨૧ થી અમલમાં આવે તેમ નકકી કરવામાં આવ્યુ હતું.**

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૪</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે,ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૯/૧૨/૨૦૨૦ની સભાનાં ભલામણ ક્માંકઃ ૨ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

(બિડાણ : ૭)
(એકેડેમિક વિભાગ)

**(૧૩)** **તબીબી** વિદ્યાશાખાના **ફિઝિયોથેરાપી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગે સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપી, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર **<u>ડૉ. લીંબાસીયા રાજીવ ધીરજલાલ</u>** ની પ્રસ્તૃત અરજી સંદર્ભમાં તબીબી વિદ્યાશાખાના સિનીયર સભ્યશ્રીએ અરજી તથા સર્ટીફીકેટ જોતા જરૂરી લાયકાત તથા ડીગ્રીની શરતો પરિપુર્ણ થાય છે તો સદર કેશમાં પીએચ.ડી માર્ગદર્શક તરીકેની માન્યતા આપવા ભલામણ કરેલ હોય, તબીબી વિદ્યાશાખાના સિનીયર સભ્યશ્રીની હકારાત્મક ભલામણ B.U.T. તા. ૧૮–૦૪–૨૦૧૭ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૦૨) અન્વયે સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય,જે અન્વયે તબીબી વિદ્યાશાખા અંતર્ગત પીએચ.ડી. સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા આપવાના કિસ્સામાં માન.કુલપતિશ્રી નિયુકત તબીબી વિદ્યાશાખાના સિનીયર સભ્યશ્રીની નીચે મુજબની હકારાત્મક ભલામણને B.U.T. વતી સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે ભલામણ મુજબ **<u>ડૉ. લીંબાસીયા રાજીવ ધીરજલાલ</u>** ને **તબીબી** વિદ્યાશાખાનાં **ફિઝિયોથેરાપી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

**<u>તબીબી વિદ્યાશાખાના સિનીયર સભ્યશ્રીની ભલામણ</u> :**

સિન્ડિકેટની તા. ૦૨/૦૮–૦૫–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક ૧૦૮ અને ઓર્ડિનન્સ ૧૦૮(**II**) તેમજ ફિઝિયોથેરાપી બોર્ડ ના નિયમોનુસાર ડૉ.લીંબાસીયા રાજીવ ધીરજલાલ જરૂરી અનુભવ અને જરૂરી લાયકાત તેમજ રીસર્સ પેપર ધરાવતા હોવાથી પી.એચડીના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા ભલામણ છે.

**<u>ઓર્ડિનન્સ : 108 (I)</u>**

**A.** A Teacher to be recognized as a Research Supervisor for the Ph.D. degree in a subject shall have the following qualifications,and only a full time regular teacher of this University or affiliated College/ Recognized Institution can act as a Research Supervisor. The external research supervisors are not allowed. However, a Co-supervisor can be allowed in inter-disciplinary areas from other departments of the University or from other related institutions with the approval of the Research Advisory Committee.

Any regular Professor of the University/ College/ <u>Recognized</u> Institution with at least **five research publications** in refereed journals and any regular Associate/Assistant Professor of the University/ College/ <u>Recognized</u> Institution with a Ph.D. degree and at least **two research publications** in refereed journals may be recognized as a Research Supervisor.

Provided that in areas/disciplines where there is no or only a limited number of refreed journals available, the Board of University Teaching(B.U.T) may relax the above condition for recognition of a person as Research Supervisior with reasons recorded in writing.

**B.** A Professor / Principal and an Associate Professor, duly recognised by the university,with the five-year postgraduate teaching experience in the case of the latter, shall require the number of reesearch publications as mentioned above in (A), and shall be recognized as Ph.D. research supervisors without beaing subjected to its formal process of recognition.

Note: Proviso regarding five years experience of teaching Post-Graduate classes and required number of publication as mentioned (A) shall not apply to the Associate professors who were already in the staff of the University before this amendment came into force and were recognized as Research Supervisors for the Ph.D Degree in their respective subject.

**II IN THE FACULTY OF MEDICINE :**

A Qualified Post- Graduate teacher under O.109(iii) may be recognized as a Research Supervisor for research in his subject, Provided he / she has to his credit published research work of recognized eminence and provided further that he / she has not less 10 years of teaching and research experience after obtaining his / her Post-Graduate qualifications and has not less than 5 years of Post-Graduate teaching experience in view of the norms laid down by Medical Council of India (M.C.I) Essentially, all the formal requirments for a Ph.D. research supervisor shall be in accordance with the rules of University Grants Commission (U.G.C), Medical Council of India (M.C.I), All India Council for Teaching Education (A.I.C.T.E.) and other such regulatory bodies depending on the subject.

(**અનુસ્નાતક** વિભાગ)

**(૧૪)** **સાયન્સ** ફેકલ્ટીનાં **માઈક્રોબાયોલોજી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સીસ, નવસારી ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. ધોલરિયા મયુરી દુર્લભજી** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧).ડૉ. દિલીપ તાંબલેકર, માઈક્રોબાયોલોજી વિભાગ, અમરાવતી યુનિવર્સિટી, અમરાવતી અને (૨).ડૉ. ભાવેશ જોષી, એસો. પ્રોફેસર, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર બંને અહેવાલ / રીપોર્ટ હકારાત્મક છે જે અવલોકનમાં લઈ BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ડૉ. ધોલરિયા મયુરી દુર્લભજી** ને **સાયન્સ** ફેકલ્ટીના **માઈક્રોબાયોલોજી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(**અનુસ્નાતક** વિભાગ)

**(૧૫)** ડૉ. ભાવેશ મહેન્દ્રભાઈ મોદી, આસિ. પ્રોફેસર, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અરજી કરેલ છે. જે સંદર્ભમાં નીચેની વિગત અવલોકનમાં લેવા વિનંતી...

(૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્ર ક્રમાંકઃ GAD/GIA/Estt/T/Appoint/ 11710/20174 તા.૩૦–૦૬–૨૦૧૭ થી આસિ. પ્રોફેસર તરીકે નિમણૂંક કરેલ છે.

(૨) ડૉ. ભાવેશ મહેન્દ્રભાઈ મોદી ગુજરાત યુનિવર્સિટીમા પીએચ.ડી. ગાઈડ તરીકેની માન્યતા વર્ષ ૨૦૧૩ થી ધરાવતા હતા.

(૩) તેમના માર્ગદર્શન હેઠળ ૪ (ચાર) સંશોધનાર્થીઓએ પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કરેલ છે.અરજીમાં જણાવ્યા મુજબ હાલમાં તેમના માર્ગદર્શન હેઠળ કોઈપણ સંશોધનાર્થી કાર્યરત નથી.

ઉપરોકત વિગત ધ્યાને લેતા સમકક્ષ કિસ્સામાં ની તા.૨૦/૧૦/૨૦ ના રોજની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૪) અન્વયે અન્ય યુનિવર્સિટીના માર્ગદર્શક શિક્ષકની માન્યતા નીચે મુજબના ઠરાવ્યાનુસાર મંજુરી આપવા ઠરાવેલ છે.જે ધ્યાને લેતા ઉપરોકત વિગતો મુજબ તેમની ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી. માર્ગદર્શક તરીકેની માન્યતા સાથે તે ગુજરાત યુનિવર્સિટીમાં કોઈપણ સંશોધનાર્થી કાર્યરત ન હોય પીએચ.ડી. માર્ગદર્શક તરીકેની માન્યતાની કાર્યવાહી BUT વતી મંજુર કરી ને AC ભલામણ કરેલ હોય જે અંગે વિચારણા કરવા બાબત.

BUT ની તા.૨૦–૧૦–૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૪)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.વિશ્વનાથ પટેલ, શેઠ પી.ટી.મહિલા કોલેજ ઓફ આર્ટસ , સુરત ના ગુજરાતી વિષયમાં પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરની માન્યતાની અરજી તેમના માર્ગદર્શન હેઠળ ભાવનગર યુનિવર્સિટીના સંશોધનાર્થીઓને યુ.જી.સી. અને રાજય સરકારની માર્ગદર્શિકા મુજબ

સંશોભન અભ્યાસના ગાઈડ તરીકે માર્ગદર્શન આપવામાંથી મુકત કર્યાના બાહેધરી પત્ર રજુ કર્યેથી ગુજરાતી વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાની કાર્યવાહી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(**અનુસ્**નાતક વિભાગ)

**(૧૬)** ડૉ. ઢીમ્મર જિતેન્દ્ર મગનભાઈ,એસોસિએટ પ્રોફેસર,ફિઝિક્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. સંશોધન અભ્યાસ ફિઝિક્સ વિષયમાં માન્યતા આપવાની વિનંતી કરેલ હોય જે વિનંતી સંદર્ભમાં ઓર્ડિનન્સ ૧૦૮ (I) (A)(B) ની નીચેની જોગવાઈ મુજબનું પીએચ.ડી. પરિપાલન થતું હોય, જે અવલોકનમાં લેતા ડૉ.ઢીમ્મર જિતેન્દ્ર મગનભાઈ ફિઝિક્સ વિભાગમાં તા.૨૫/૧૧/૨૦૦૬ થી એસોસિએટ પ્રોફેસર તરીકે કાર્યરત હોય સાથે વિભાગીય વડાશ્રીના દ્વારા તેમના તા.૧૫/૧૨/૨૦૨૦ના રોજના પત્રક્રમાંકઃ ભૌતિક/૪૦૩૬/૨૦૨૦ થી વિવિધ જર્નલોમાં કુલ ૧૩ સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે તમામ જર્નલો ISSN/ISSBN નંબરો ધરાવતા જર્નલો/ પ્રોસિંડિંગ છે કુલ ૧૩ પેપરો માંથી ૦૪ પેપરો UGC લિસ્ટેડ જર્નલમાં છે તેમ જણાવેલ છે. જે ધ્યાને લેતા ઓર્ડિનન્સ ૧૦૮ (A) ની જોગવાઈ મુજબના બે પબ્લીકેશન અને ૧૦૮ (B) ની જોગવાઈ મુજબ 5 Years Post Graduate teacher ની જોગવાઈનું પરિપાલન થતું હોય અને વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા નીચે મુજબનો અભિપ્રાય આપેલ છે. જે અવલોકને લઈ BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે અહેવાલ સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય, જે અન્વયે ડીનશ્રીની ભલામણ BUT વતી સ્વીકારીએ અને AC ને ભલામણ કરેલ છે જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>**ડીનશ્રીનો અભિપ્રાય :**</u> Dr. J. M. Dhimmer ની માર્ગદર્શક શિક્ષક તરીકેની અરજીના સંદર્ભમાં આ અધ્યાપક માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા બાબતમાં Ordinance-108 (I-B) મુજબ કાર્યવાહી કરવાની થાય એવો મારો અભિપ્રાય છે.

<u>**Ord.108**</u> **:-**

**A.** A Teacher to be recognized as a Research Supervisor for the Ph.D. degree in a subject shall have the following qualifications,and only a full time regular teacher of this University or affiliated College/ Recognized Institution can act as a Research Supervisor. The external research supervisors are not allowed. However, a Co-supervisor can be allowed in inter-disciplinary areas from other departments of the University or from other related institutions with the approval of the Research Advisory Committee.

Any regular Professor of the University/ College/ <u>Recognized</u> Institution with at least **five research publications** in refereed journals and any regular Associate/Assistant Professor of the University/ College/ <u>Recognized</u> Institution with a Ph.D. degree and at least **two research publications** in refereed journals may be recognized as a Research Supervisor.

Provided that in areas/disciplines where there is no or only a limited number of refreed journals available, the Board of University Teaching(B.U.T) may relax the above condition for recognition of a person as Research Supervisior with reasons recorded in writing.

**B.** A Professor / Principal and an Associate Professor, duly recognised by the university,with the five-year post graduate teaching experience in the case of the latter, shall require the number of research publications as mentioned above in (A), and shall be recognized as Ph.D. research supervisors without beaing subjected to its formal process of recognition.

Note: Proviso regarding five years experience of teaching Post-Graduate classes and required number of publication as mentioned (A) shall not apply to the Associate professors who were already in the staff of the University before this amendment came into force and were recognized as Research Supervisors for the Ph.D Degree in their respective subject.

(**અનુસ્**નાતક વિભાગ)

**(૧૭)** <u>**તબીબી**</u> વિદ્યાશાખાના <u>**કોમ્યુનીટી મેડિસીન**</u> વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગેની જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, વલસાડ ના આસી. પ્રોફેસર <u>**ડો. શાહ હિતેશકુમાર મહેન્દ્રભાઈ**</u> ની પ્રસ્તુત અરજી અંગે, માન.ઈ.ચા. કુલપતિશ્રીના તા.૨૩/૯/૨૦૨૦ ના પત્ર ક્રમાંક : વીસી/ ૮૨૫૮/ ૨૦૨૦ મુજબ માન્યતા અંગે તબીબી

વિદ્યાશાખાના સિનિયર સભ્યનો અભિપ્રાય મેળવવાની જાણ કરેલ હોય જે મુજબ પીએચ.ડી.માર્ગદર્શક શિક્ષકની માન્યતા અંગે સિનિયર સભ્યશ્રી દ્વારા નીચે મુજબનો અભિપ્રાય આપેલ હોય,

સિનિયર સભ્યશ્રીનો અભિપ્રાય : As per certificate of Dr. J. K. Kosambiya, He may be given recognisation as supervising teacher as per prevailing rule of university & NMC.

જે ભલામણ અવલોકને લઈ B.U.T. તા. ૧૮–૦૪–૨૦૧૭ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૦૨) અન્વયે સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય,જે અન્વયે તબીબી વિદ્યાશાખા અંતર્ગત પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરની માન્યતા આપવાના કિસ્સામાં માન.કુલપતિશ્રી નિયુકત સિનિયર સભ્યની હકારાત્મક ભલામણ B.U.T. વતી સિનિયર સ્વીકારી **ડો. શાહ હિતેશકુમાર મહેન્દ્રભાઈ** ને કોમ્યુનીટી મેડીસીન વિષયમાં પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે જે પર વિચારણા કરવા બાબત.

**ઓર્ડિનન્સ : 108 (II)**

A Qualified Post-Graduate teacher under O.109 (iii) may be recognized as a Research Supervisor for research in his subject, Provided he / she has to his credit publised research work of recognized eminence and provided further that he / she has not less 10 years of teaching and research experience after obtaining his / her Post-Graduate qualifications and has not less than 5 years of Post-Graduate teaching experience in view of the norms laid down by Medical Council of India (M.C.I) Essentially, all the formal requirments for a Ph.D research supervisior shall be in accordance with the rules of University Grants Commission ( U.G.C), Medical Council of India(M.C.I), All India Council for Teaching Education ( A.I.C.T.E) and other such regulatory bodies depending on the subject.

(અનુસ્નાતક વિભાગ)

**(૧૮) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.**

**ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૩૧૫૨/૨૦૨૧**
**તા. ૦૩/૦૩/૨૦૨૧**

**ઈ.ચા. કુલસચિવ**

**પ્રતિ,**

**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**